# ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ બંધારણ

## આમુખ (પ્રાસ્તાવિક)

ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : એસ.એસ.એન. ૧૮૬૫/૩૩૯૭૧-ગ, તા. ૨૩-૪-૧૯૭૦ થી માન્ય થયેલ "ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ" ના બંધારણમાં સમયોચિત્ત સુધારાની જરૂરિયાત જણાંતા ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની તા.. ૨૫-૮-૨૦૧૪ ની કારોબારી સમિતિની બેઠકના ઠરાવ નં. ૪ થી બંધારણમાં સુધારા વધારા માટેની 'બંધારણ સમિતિ'ની રચના કરવામાં આવી હતી. સમિતિ તરફથી આવેલ સુધારા માટેના સૂચનોને ધ્યાને લઈ તૈયાર કરવામાં આવેલ બંધારણ સંસદ સભામાં બહુમતિથી મંજૂર થતાં અમલમાં આવ્યું. બંધારણની એક નકલ નોંધાયેલ તમામ સભ્યોને પૂરી પાડવામાં આવી. બંધારણમાં હવે પછી ઉલ્લેખ થયેલ 'સંઘ' શબ્દ અર્થાત્ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ' એમ સમજવું.

(૧) નામ : આ સંઘનું નામ "ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ" રહેશે.

(૨) સરનામું : આ સંઘનું હાલનું સરનામું
સારસ્વત ભવન, અભિષેક બિલ્ડીંગ, હોટેલ હવેલી સામે,
ચ-રોડ, સેક્ટર-૧૧, ગાંધીનગર

(૩) નાણાંકિય વર્ષ : સંઘનું નાણાંકિય વર્ષ ૧ લી જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બર સુધીનું રહેશે.

(૪) ઉદ્દેશો :

(૧) ગુજરાત રાજ્યની બિનસરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં નિયુક્ત થયેલાં આચાર્યોના આ સંગઠનના સભ્યોને તેમને નિયુક્ત કરનાર સંચાલક મંડળ સાથે સંબંધો સમુચિત બનાવવા પ્રયત્નો કરવા.

(૨) સંઘના સભ્યો માટે જીવન ધોરણ સુધારવા તથા તેની નોકરીમાં સલામતી જાળવવા તેમજ સુવિધાઓ વધારવાના પ્રયાસો કરવા.

(૩) સંઘના સભ્યોના શૈક્ષણિક, વહીવટી, સામાજિક પ્રશ્નોનું નિરાકરણ કરવા પ્રયત્નો કરવા.

(૪) સંઘના સભ્યોના માંદગી, નિઃસહાય સ્થિતિ તથા મૃત્યુ જેવી આપત્તિમાં તેને આર્થિક સહાય મળી રહે તેવી કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવી.

(૫) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ સાથે જોડાયેલ આચાર્યોની મૂશ્કેલીઓ દૂર કરવા, વહીવટી પ્રશ્નો ઉકેલવા તથા નોકરીમાં સુવિધા મેળવવા પ્રયત્નો કરવા.

(૬) રાજ્યમાં માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષણ અસરકારક બનાવવા તેમજ રાષ્ટ્રીય નીતિ સાથે એકસૂત્રતા જળવાય તે માટે જરૂરી પ્રવૃત્તિઓ હાથ ધરવી.

(૮) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, યુનિવર્સિટી, સરકાર નિયુક્ત સમિતિઓ તેમજ બીજી શૈક્ષણિક તેમજ વહીવટી સરકાર માન્ય સંસ્થાઓમાં સંઘનું પ્રતિનિધિત્વ મેળવવા માટે જરૂરી પગલાં ભરવા તેમજ પ્રતિનિધિઓ નિયુક્ત કરવા પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવી.

(૯) મુદ્દા નં. ૮ ના હેતુ પાર પાડવા માટે જરૂરી પાર્લામેન્ટરી બોર્ડની રચના, કાર્ય પદ્ધતિ તથા સત્તા મર્યાદા વિશે આ બંધારણમાં હવે પછી અલગથી જોગવાઈ કરવામાં આવશે.

(૧૦) શિક્ષણ ક્ષેત્રે કામ કરતા શિક્ષક તથા બિનશૈક્ષણિક કે અન્ય સંઘો સાથે સંકલન સાધી જરૂરી વહીવટી સરળતા વધારવા પ્રયત્નો કરવા.

(૧૧) રાજ્યની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યો માટે વખતોવખત પરિષદો, સંમેલનો, પરિસંવાદો, ચર્ચા સભાઓ, ઓપવર્ગો, અભ્યાસ વર્તુળો, સેમિનારો તથા અધિવેશનો યોજવા.

(૧૨) મુદ્દા નં. ૧૧ ના હેતુઓ પાર પાડવા માટે જરૂરી વિવિધ સમિતિઓની રચના કરવી.

(૧૩) આચાર્યોની વ્યવસાયિક સજ્જતા તથા વ્યવહાર ઉચ્ચકોટિના રહે તે માટે જરૂરી કાર્યો કરવા.

(૧૪) શૈક્ષણિક તથા વહીવટી બાબતોના લેખો, પત્રિકાઓ, મુખપત્રો, સામયિકો, અહેવાલો વગેરે જરૂરી સાહિત્ય છપાવી સભ્યોને નિયમિત મળે તેવી વ્યવસ્થા કરવી.

(૧૫) સંઘ દ્વારા રાજ્યના આચાર્યોને જરૂરી શૈક્ષણિક, વહીવટી તથા અન્ય માહિતી મળી રહે તે માટે જરૂર જણાયે તે સ્થળે માહિતી કેન્દ્ર સ્થાપવું. આ હેતુ પાર પાડવા ટેકનોલોજીનો ઉપયોગ કરી વેબસાઈટ દ્વારા કે અન્ય રીતે જરૂરી માહિતી પ્રદર્શિત કરવી. તેમજ માહિતી અપગ્રેડ કરવી. આની જાણકારી યોગ્ય માધ્યમો દ્વારા સભ્યોને કરવી.

(૧૬) રાજ્યની માધ્યમિક શાળાના આચાર્યોનો માન, મરતબો તથા હિતોને સુરક્ષિત રાખવા તમામ કાર્યો કરવા.

(૧૭) આંતર રાજ્ય સંબંધો વિકસાવવા, રાષ્ટ્રીય ધોરણે સમાન ઉદ્દેશો માટે કામ કરતા સરકાર માન્ય સંઘો સાથે જોડાણ મેળવવું.

(૫) સંઘના સામાન્ય સભ્યો :

રાજ્ય આચાર્ય સંઘના સામાન્ય સભ્ય થવા નીચે મુજબની કાર્યપદ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) સૌ પ્રથમ રાજ્ય આચાર્ય સંઘ સાથે સંકળાયેલા જિલ્લાના એકમો કે જેને ઘટક સંઘો તરીકે ઓળખવામાં આવે છે, તે ઘટક સંઘે નિયત કરેલ ફી ભરીને આચાર્યશ્રીએ ઘટક સંઘના સભ્ય બનવાનું રહેશે.

(૨) કોઈપણ ઘટક સંઘના સભ્ય જ રાજ્ય આચાર્ય સંઘના સભ્ય બની શકશે.

(૩) ઘટક સંઘના સભ્યો નિયત થયા બાદ ઘટક સંઘોએ દર ૧૦ સભ્ય દીઠ એક એમ કુલ ૧૦% સભ્યોની સભ્ય દીઠ રૂા. ૨૦૦/- જોડાણ ફી ભરી ઘટક સંઘે રાજ્ય આચાર્ય સંઘનું જોડાણ મેળવવાનું રહેશે. તથા કાયમી ધોરણે જોડાણ જાળવી રાખવાનું રહેશે.

(૪) ઘટક સંઘ દર વર્ષની ૩૧ ડિસેમ્બર સુધીમાં જોડાણ ફી ભરવામાં નિષ્ફળ જશે તે ઘટક સંઘના આચાર્યોએ રાજ્ય આચાર્ય સંઘનું સભ્યપદ ગુમાવેલ છે એમ ગણાશે.

(૫) દર વર્ષની ૩૧ ડિસેમ્બર સુધીમાં દરેક ઘટક સંઘે સભ્યોની સંખ્યા પ્રમાણમાં બંધારણની જોગવાઈ મુજબ જોડાણ ફી ભરી સભ્યપદ રીન્યુ કરવાનું રહેશે.

(૬) આચાર્યની મૂળભૂત લાયકાત ગુમાવવાના સંજોગોમાં તે સંઘનું સભયપદ ધરાવી શકશે નહિ.

(૭) સંઘના ઉદ્દેશો તથા હેતુઓના ઝડપી અમલીકરણ માટે ઘટક સંઘો દર ૧૦ સભ્યોમાંથી એક સંસદસભ્ય બનાવી તે સંસદસભ્યોની યાદી રાજ્ય આચાર્ય સંઘને મોકલશે.

(૮) નિયુક્ત થયેલા સંસદસભ્યો સમયમર્યાદામાં જોડાણ ફી ભર્યે રાજ્યના હોદ્દેદારોની ચૂંટણીમાં મત આપવાની તથા ઉમેદવારી કરવાની અધિકૃતતા મેળવશે.

(૯) ઘટક સંઘો રાજ્ય આચાર્ય સંઘને ૩૧ ડિસેમ્બર સુધીમાં જોડાણ ફી કે અન્ય નીકળતા લેણાની રકમ ચૂકવવામાં નિષ્ફળ જશે તો તે ઘટકના સભ્યો રાજ્ય આચાર્ય સંઘના સભ્યોની લાયકાત ગુમાવશે. ઘટક સંઘોએ તેમની બાકી નીકળતી રકમ ચૂકવ્યા બાદ રાજ્ય આચાર્ય સંઘની કારોબારીમાં રાજ્ય સંઘમાં પુનઃજોડાણ માટેનો નિર્ણય થઈ શકશે.

(૧૦) સંઘના કોઈપણ સભ્ય ઘટક સંઘની ફી ઉપરાંત કોઈ લવાજમ, ચોક્કસ હેતુ માટેનું ડેલિગેશન, વ્યવસ્થા ફી કે અન્ય કોઈ ફી ન ચૂકવ્યે જે તે આનુસંગિક બાબતોના લાભ મેળવી શકશે નહિ.

(૧૧) જિલ્લાના ઘટક સંઘોએ પોતાના સભ્ય અંગેનું રજિસ્ટર રાજ્ય આચાર્ય સંઘને ૩૧ ડિસેમ્બર સુધીમાં મોકલી આપવાનું રહેશે. જેમાં સભ્યનું નામ, શાળાનું નામ, સરનામું તથા સંપર્ક નંબરની વિગતોનો સમાવેશ થશે.

(૧૨) આચાર્યશ્રીએ કામકાજના સ્થળ અથવા રહેઠાણના સરનામાના ફેરફારની જાણ ઘટક સંઘ મારફત રાજ્યના મહામંત્રીને કરવાની રહેશે.

(૧૩) કોઈપણ સભ્ય આ રજિસ્ટરની વિગતો રાજ્ય આચાર્ય સંઘના મહામંત્રી પાસેથી જોઈ શકશે.

(૧૪) સંઘ કે સંગઠનની વિરુદ્ધ કે સંઘને નુકસાન કરવાની પ્રવૃત્તિ કરવનાર કોઈપણ સભ્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી શકાશે.

(૧૫) ઘટક સંઘે કે રાજ્ય આચાર્ય સંઘે કોઈપણ સભ્ય સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી હોય અને સસ્પેન્ડ કર્યા હોય તેવા સભ્ય તેટલી મુદ્દત માટે સંઘના સભ્યપદેથી આપોઆપ રદ્દ થયેલાં ગણાશે. તેમને ભરેલ કોઈપણ ફી પરત મળવાપાત્ર થશે નહિ.

(૧૬) સસ્પેન્ડ થયેલા સભ્યનું સસ્પેન્શન જે તે સ્ટેજે રદ્દ થયા પછી જ તેઓ સંઘના માન્ય સભ્ય ગણાશે.

(૬) ચૂંટણી પદ્ધતિ અને હોદ્દેદારો :

રાજ્ય

(૧) જિલ્લાના એકમો એટલે કે ઘટક સંઘ દ્વારા તૈયાર કરેલ સંસદસભ્યોની યાદી એ રાજ્ય આચાર્ય સંઘની મતદારી રહેશે.

(૨) રાજ્યના સંસદસભ્યોની યાદીના આધારે પ્રમુખ–૧, મહામંત્રી–૧, સારસ્વત સંપાદક–૧ તથા અન્વેષક–૧ હોદ્દેદારની ચૂંટણી દ્વારા નિયુક્તિ કરવામાં આવશે.

(૩) રાજ્ય આચાર્ય સંઘ વતી પ્રવક્તા તરીકે સક્ષમ ભૂમિકા ભજવી શકે તેવી વ્યક્તિની 'રાજ્ય પ્રવક્તા' તરીકે રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ–મહામંત્રી પરામર્શના અંતે નિમણૂક કરી શકશે.

(૪) રાજ્યનું કાર્યક્ષેત્ર મોટું હોવાથી રાજ્યનું ચાર કે પાંચ ઝોનમાં રાજ્ય આચાર્ય સંઘની કારોબારી દ્વારા ભૌગોલિક સ્થિતિ મુજબ તથા જોડાયેલા ઘટક સંઘોની સંખ્યા મુજબ વિભાજન કરવામાં આવશે.

(૫) દરેક ઝોનમાંથી ઉપ-પ્રમુખ, મંત્રી, સંગઠન મંત્રી, મહિલા મંત્રી, કલ્યાણનિધિ ઝોન કન્વીનર, ઝોન પ્રવક્તા તથા સારસ્વત ઝોન કન્વીનર એમ કુલ સાત હોદ્દેદારો ચૂંટણી દ્વારા નિયુક્ત થશે.

(૬) મુદ્દા નં. ૫ ના હોદ્દેદારોની ચૂંટણી ઝોનમાં સમાવિષ્ટ ઘટક સંઘો દ્વારા કરવામાં આવશે.

(૭) સંઘના હોદ્દેદારોની મુદ્દત ડિસેમ્બર માસના અંતે પૂર્ણ થાય તે રીતે બે વર્ષની રહેશે.

(૮) સંઘના હોદ્દેદારોની ચૂંટણી માટે કારોબારી સમિતિ ચૂંટણી અધિકારીની બહુમતિએ ઠરાવ કરી નિમણુક કરશે. ચૂંટણી અધિકારી ચૂંટણીને લગતા નિયમો જાહેરનામા દ્વારા પ્રસિદ્ધ કરશે. ચૂંટણી પ્રક્રિયાની તમામ સત્તાઓ ચૂંટણી અધિકારી પાસે રહેશે. તેમ જ જરૂર જણાયે ચૂંટણી અધિકારી ઝોન કક્ષાએ કે રાજ્ય કક્ષાએ કામગીરીમાં મદદરૂપ થાય તેવા મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણુક કરી શકશે.

(૯) સંઘના હોદ્દેદારોની ચૂંટણી જિલ્લાના ઘટક સંઘના પ્રમુખ-મહામંત્રીઓના સેન્સ દ્વારા ગુપ્ત મતદાનથી થાય તે ઉચિત ગણાશે. અનિવાર્ય સંજોગોમાં ચૂંટણી અધિકારીના અધિકાર ક્ષેત્રના નિર્ણયાનુસાર સંસદ સભ્યો દ્વારા બેલેટ પદ્ધતિથી ગુપ્ત મતદાન દ્વારા ચૂંટણી કરવાની રહેશે.

(૧૦) ચૂંટણી અધિકારી કે મદદનીશ ચૂંટણી અધિકારી હોદ્દેદાર તરીકે ચૂંટણીમાં ઉમેદવારી કરી શકશે નહિ.

(૧૧) આ સુધારાઓ સંસદમાં બહાલ રાખવામાં આવે તો ચૂંટણીના નિયમો હવે પછીની ચૂંટણીથી લાગુ પડશે.

(૧૨) ચૂંટણી દરમ્યાન કે ત્યાર બાદ ખાલી પડેલ ઝોન કક્ષાના હોદ્દા પર ઝોનના તમામ ઘટક સંઘોનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે રાજ્યના પ્રમુખ-મહામંત્રી હોદ્દેદારની નિમણુક કરશે.

(૧૩) રાજ્ય કક્ષાના ખાલી પડેલ હોદ્દા પર બાકી રહેલ મુદ્દત માટે કો-ઓપ્ટ દ્વારા કારોબારી / સંસદમાં હોદ્દેદારની નિમણુકનો નિર્ણય કરવામાં આવશે.

(૧૪) દરેક ઘટક સંઘના પ્રમુખ-મહામંત્રી, રાજ્યના હોદ્દેદારો તથા ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યો રાજ્ય આચાર્ય સંઘની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ગણાશે.

(૧૫) રાજ્ય આચાર્ય સંઘના હોદ્દેદારોએ કરેલા નિર્ણયો વ્યવસ્થાપક સમિતિની મીટીંગમાં બહાલી અર્થે રજૂ કરવાના રહેશે.

(૭) વ્યવસ્થાપક સમિતિ રચના અને કાર્યપ્રદેશ :

(૧) સંઘની વહીવટી સત્તા રાજ્ય આચાર્ય સંઘની વ્યવસ્થાપક સમિતિના અધિકાર ક્ષેત્રમાં રહેશે.

(૨) રાજ્ય આચાર્ય સંઘની નીતિ સાથે સુસંગત રહી રોજીંદા કામો કે જિલ્લા એકમો દ્વારા સુપરત કરેલા કામોનો યોગ્ય નિકાલ વ્યવસ્થાપક સમિતિ કરશે.

(૩) જિલ્લાના ઘટક સંઘોને જરૂરી માહિતિ, શૈક્ષણિક તેમજ વહીવટી સૂચનાઓ પૂરી પાડવાના હેતુથી મધ્યસ્થ કાર્યાલય સ્થાપવાનો પ્રબંધ કરશે.

(૪) રાજ્ય આચાર્ય સંઘની નવી વ્યવસ્થાપક સમિતિની પ્રથમ બેઠકમાં નવા વર્ષના કામોનો કાર્યક્રમ ઘડી કાઢવામાં આવશે.

(૫) સંઘની પ્રવૃત્તિઓને વેગવાન બનાવવા આવશ્યક હોય તેવા કાર્યો કરવાનો વ્યવસ્થાપક સમિતિને અધિકાર રહેશે.

(૬) પ્રમુખ–મહામંત્રીની ભલામણ અનુસાર સંઘના કોઈ લેણા વસુલ કરવામાં વ્યવસ્થાપક સમિતિ તેને મદદ કરશે.

(૭) રાજ્યમાં નવા રચાતા જિલ્લાઓમાં કે જે જિલ્લામાં ઘટક સંઘો ન હોય ત્યાં ઘટક સંઘોની રચના કરવા જરૂરી માર્ગદર્શન આપશે.

(૮) જે જિલ્લામાં એક કરતાં વધુ ઘટક સંઘો અસ્તિત્ત્વ ધરાવતા હોય તે જિલ્લામાં ૨૫ (પચ્ચીસ) સભ્યો કરતા ઓછી સભ્ય સંખ્યા ધરાવતા નાના ઘટક સંઘને તે જ જિલ્લાના મોટા ઘટક સંઘ સાથે મર્જ કરવાનો નિર્ણય વ્યવસ્થાપક સમિતિ કરશે.

(૯) સંઘની વ્યવસ્થાપક સમિતિની દરેક બેઠકમાં મહામંત્રી સંઘના હિસાબો વિગતવાર રજૂ કરી બહાલી મેળવશે.

(૧૦) વાર્ષિક અધિવેશન (સંમેલન) વખતે વર્ષ દરમ્યાન થયેલી સંઘની પ્રવૃત્તિઓના, અહેવાલ સોવેનિયર સ્વરૂપે છપાવી સભ્યોને પહોંચાડવાની વ્યવસ્થા કરશે.

(૧૧) સંઘના હેતુઓ પાર પાડવા માટે રાજ્ય આચાર્ય સંઘ તેની સાથે સંકળાયેલ જિલ્લા ઘટક સંઘો પાસેથી જરૂરી માહિતી, અહેવાલ માંગવા માટે અધિકૃત રહેશે.

(૧૨) રાજ્ય આચાર્ય સંઘની વહીવટી સરળતા ખાતર રાજ્યના પ્રમુખ–મંત્રી પરામર્શ કરી વહીવટના જાણકાર આચાર્યમાંથી કાર્યાલય મંત્રીની નિયુક્તિ કરશે. તે અંગે અન્ય નિર્ણય ન થાય ત્યાં સુધી તેની મુદ્દત રહેશે.

(૧૩) રાજ્યના પ્રમુખશ્રીની વહીવટી જવાબદારીઓ હળવી બનાવવા માટે પ્રમુખશ્રી પોતાના અંગત મંત્રીની નિયુક્તિ કરી શકશે. તેની મુદ્દત પ્રમુખશ્રીની મુદ્દત જેટલી રહેશે.

(૮) સંસદ :

(૧) ઘટક સંઘના કુલ સભ્યોમાંથી હોદ્દેદારો સાથે ૧૦% સભ્યોની યાદી બનાવી રાજ્ય આચાર્ય સંઘના સંસદસભ્યો નક્કી કરવામાં આવશે. જે રાજ્યની 'સંસદ' (કાઉન્સીલ) ગણાશે.

(૨) 'સંસદ સભા' એ સંઘમાં સર્વોપરી સત્તા ભોગવશે.

(૩) રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહામંત્રી તથા અન્ય હોદ્દેદારો સંસદના સભ્યો ગણાશે.

(૪) અગાઉના પ્રમુખો પોતે ભોગવેલ હોદ્દાની રૂએ પછીની એક ટર્મની મુદ્દત સુધી સંસદની મીટીંગમાં હાજરી આપી શકશે.

(૫) સંસદસભ્યની ખાલી પડેલ જગ્યામાં સંસદસભ્યોની નિયુક્તિ કરનાર ઘટક સંઘો બીજા સંસદસભ્યો પોતાના બંધારણમાં નિયત કરેલ જોગવાઈના આધારે ચૂંટી શકશે.

(૬) રાજ્ય આચાર્ય સંઘમાં કોઈ હોદ્દેદારની જગ્યા ખાલી પડશે તો તે જગ્યા જે તે ઝોનના હોદ્દેદારોને વિશ્વાસમાં લઈ તે જગ્યા ભરવાનો નિર્ણય રાજ્યના પ્રમુખ, મંત્રી કરશે.

(૭) સંસદની બેઠકમાં સંઘનું અંદાજપત્ર, અધિવેશનના હિસાબો, કલ્યાણનિધિના વાર્ષિક હિસાબો, સારસ્વતના વાર્ષિક હિસાબોને બહાલી લેવાની રહેશે.

(૮) સંસદ એ સંઘની સર્વોપરી સત્તાધારી સભા ગણાશે.

(૯) સંસદ એ ઘટક સંઘના વિવિધ કાર્યો સાથે સંકલન કરશે તથા રાજ્ય આચાર્ય સંઘની તમામ પ્રવૃત્તિઓ પર દેખરેખ અને અંકુશ રાખશે.

(૧૦) સંઘના હોદ્દેદાર, વ્યવસ્થાપક સમિતિના સભ્ય, સંસદસભ્ય કે કો-ઓપ્ટ હોદ્દેદાર સંઘની પ્રવૃત્તિઓ વિરુદ્ધ કાર્ય કરશે તો સંસદની બેઠકમાં બહુમતિએ ઠરાવ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી કરી તેમને હોદ્દા પરથી કે સભ્યપદેથી સંસદ નક્કી કરે તેટલી મુદ્દત માટે દૂર કરી શકાશે.

(૯) પાર્લામેન્ટરી બોર્ડની રચના અને કાર્યપદ્ધતિઃ

આ બંધારણના ઉદ્દેશોના મુદ્દા નં. ૮ ની જોગવાઈ મુજબ પાર્લામેન્ટરી બોર્ડની રચના તથા તેની કાર્યપદ્ધતિ માટે નીચે મુજબની જોગવાઈ કરવામાં આવે છે.

(૧) કારોબારી તથા સંસદની સંયુક્ત બેઠકમાં પાર્લામેન્ટરી બોર્ડ માટે ઝોનવાર એક સભ્યની બહુમતિએ ઠરાવથી નિમણૂક કરવામાં આવશે.

(૨) ઝોનવાર પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો નિયુક્ત થયા બાદ આ સભ્યોની બેઠકમાં પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષની નિયુક્તિ સર્વાનુમતે કરવામાં આવશે. રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તથા મહામંત્રી પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો ગણાશે.

(૩) પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ તથા સમિતિના સભ્યો ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય સંસ્થાના પ્રતિનિધિત્વ માટે તે માટેના ઝોન મુજબ ઉમેદવારી માટેનું લેખિત જાહેરનામું બહાર પાડશે અને તેની મીડિયા દ્વારા તમામ ઘટક સંઘોને જાણ કરશે. જેમાં ઉમેદવાર માટેની લાયકાત તથા અન્ય વિગતો સ્પષ્ટ રીતે જણાવેલ હશે.

(૪) સંઘને નુકસાન થાય તથા સંગઠન વિરોધી પ્રવૃત્તિ કરનાર વ્યક્તિને પ્રતિનિધિત્વ ન આપવા અંગે પાર્લામેન્ટરી બોર્ડ તકેદારી રાખશે.

(૫) આવેલ ઉમેદવારીમાંથી નક્કી થયેલ નોર્મ્સ મુજબ પારદર્શક નીતિના આધારે સંગઠનના હિતમાં હોય તેવા ઉમેદવારોને પસંદ કરશે.

(૬) પાર્લામેન્ટરી બોર્ડના નિર્ણય સામે બળવો કરનાર કોઈપણ સભ્ય કે ઘટક સંઘને પાર્લામેન્ટરી બોર્ડના અહેવાલના આધારે સંસદની બહાલીથી સંગઠનમાંથી સસ્પેન્ડ કરવાની કાર્યવાહી કરવા ઘટક સંઘને રાજ્ય આચાર્ય સંઘ જણાવશે. આવા વ્યક્તિના સસ્પેન્શનની કાર્યવાહી ન કરનાર ઘટક સંઘનું રાજ્ય સંઘ સાથેનું જોડાણ રદ્દ થશે.

(૭) ઉમેદવારી કરનાર ઉમેદવાર જે તે ઘટક સંઘમાં છેલ્લા પાંચ વર્ષથી સભ્ય તરીકે નોંધાયેલ હોવો જોઈએ. તથા સંઘના લેણા નિયમિત રીતે ભરેલા હોવા જોઈએ. ઉપરાંત આચાર્યની ઓછામાં ઓછી પાંચ વર્ષની નોકરી બાકી હોવી જોઈએ. તેમજ જે તે ઘટક સંઘે સર્વાનુમતે તેની પસંદગીનો ઠરાવ કરેલ હોવો જોઈએ.

(૮) ઉમેદવારી કરનાર સભ્ય સામે ઘટક સંઘ કે રાજ્ય આચાર્ય સંઘ દ્વારા શિક્ષાત્મક કાર્યવાહી થયેલ ન હોવી જોઈએ.

(૯) ઉમેદવારી કરનારની ઉમેદવારીની તારીખે આચાર્ય તરીકે ઓછામાં ઓછી પાંચ વર્ષની સત્રના લાભ સાથેની સેવા બાકી હોવી જોઈએ.

(૧૦) ઘટક સંઘ કે રાજ્ય આચાર્ય સંઘની વફાદારી સંગઠનમાં દીર્ઘકાલીન યોગદાન કે સંગઠનને

(૧૧) છેલ્લી બે / ત્રણ ટર્મમાં ઝોનના જે ઘટક સંઘને ઉમેદવારીમાં તકો મળી ગયેલ હોય તેનોઉમેદવાર તરીકે પસંદગીનો ઠરાવ મોકલવાનો નિર્ણય ઘટક સંઘ કરી શકશે નહિ.

(૧૨) પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહામંત્રી સાથેની બેઠકમાં ઉમેદવારી અંગેના જરૂરી જણાય તેવા નિમયો ઘડી શકશે.

(૧૦) હોદ્દેદારોની ફરજો :

(ક) પ્રમુખ :

(૧) સંઘના પ્રમુખ સંઘની બધી બેઠકોનું અધ્યક્ષસ્થાન સંભાળશે.

(૨) સંઘના પ્રમુખ બધી બેઠકોની કાર્યનોંધ પર સહી કરશે.

(૩) પ્રમુખ પોતાનો કાસ્ટીંગ વોટ (નિર્ણયાત્મક મત) આપી શકશે.

(૪) સંઘની વ્યવસ્થાપક સમિતિ તથા સંસદની ખાસ બેઠક ટૂંકી મુદ્દતની નોટિસથી દૈનિકપત્ર જોગ અથવા ઈલેક્ટ્રોનિક્સ મીડિયાની જાણથી બોલાવી શકશે.

(૫) સંઘના મુખપત્રનું સંચાલન કરશે.

(ખ) ઉપ-પ્રમુખ :

(૧) પ્રમુખની ગેરહાજરીમાં સંઘના સંગઠન ક્ષેત્રે સૌથી સિનિયર ઉપ-પ્રમુખ પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવશે.

(૨) અન્ય ઉપ-પ્રમુખો પ્રમુખશ્રીને તેની કામગીરીમાં મદદરૂપ થશે.

(ગ) મહામંત્રી :

(૧) વ્યવસ્થાપક સમિતિ તથા સંસદની કાર્યનોંધ લખશે.

(૨) સંઘની તમામ બેઠકોના એજન્ડા માટે તથા અન્ય જરૂરી પત્ર વ્યવહાર કરશે.

(૩) સંઘના આવક-જાવકના હિસાબો રાખશે.

(૪) સંઘનું આવક-ખર્ચની વિગત દર્શાવતું સરવૈયુ તૈયાર કરશે.

(૫) સરકારશ્રીમાં તથા અન્ય કચેરીઓમાં જરૂરી પત્રવ્યવહાર કરશે.

(૬) બેન્કમાંથી નાણાં ઉપાડવાની તથા તેના હિસાબોની નોંધ રાખશે.

(૭) મહામંત્રીની કામગીરીમાં મદદરૂપ થવા માટે કાર્યાલય મંત્રીની નિમણુક કરવામાં આવશે. જે સંઘના હિસાબો રાખવા તથા મહામંત્રીના વહીવટમાં મદદરૂપ થશે.

(ઘ) મંત્રી :

(૧) મહામંત્રીને તેના કામકાજમાં મદદ કરશે.

(૨) સંઘના સૌથી સિનિયર મંત્રી મહામંત્રીની ગેરહાજરીમાં મહામંત્રીની ફરજો બજાવશે.

(ચ) સંગઠન મંત્રી :

(૧) સંઘની સભ્ય ફી, સારસ્વત ફી, અન્ય ફંડો ઉઘરાવવાની કામગીરી કરશે.

(૨) સંગઠનને મજબૂત કરવા માટેના તમામ કાર્યો કરશે.

(છ) અન્વેષક

(૧) સંઘના વર્ષભરના હિસાબો તપાસશે તથા તેમાં જરૂરી હોય તેવા સૂચનો કરશે.

(૧૧) સામાન્ય સભા :

(૧) સંઘની સામાન્ય બેઠક માટે કાર્યસાધક સંખ્યા ૧/૩ સભ્યોની રહેશે. પરંતુ કાર્યસાધક સંખ્યાના અભાવે મુલત્વી રાખેલ બેઠક જે તે સ્થળે તે જ કાર્ય માટે કલાક પછી ફરીથી મળશે. તેમાં થયેલ નિર્ણયો માન્ય ગણાશે.

(૨) સામાન્ય સભા સંઘે કરેલી કામગીરીનો અહેવાલ, સંઘના હિસાબો, ઓડિટ મેમા મંજૂર કરવાની કામગીરી કરશે.

(૧૨) ફંડ તથા હિસાબો

(૧) સંઘના કોઈપણ જમા ફંડની રકમ ઠરાવથી અધિકાર આપેલ હોય તેની સહીથી લેવડદેવડ થઈ શકે તે રીતે બેન્કમાં જમા કરાવવામાં આવશે. જરૂર પડ્યે આ રકમ ઉપાડી શકાશે.

(૨) સંઘના વાર્ષિક હિસાબોનું વ્યવસ્થાપક સમિતિએ નક્કી કરેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરાવવાનું રહેશે.

(૩) સંઘના હિસાબોના ચોપડા મહામંત્રીની જવાબદારીમાં રહેશે અને સંઘના હોદ્દેદારો તેની ચકાસણી કરી શકશે.

(૧૩) સંઘનું વિસર્જન

અસાધારણ સંજોગોમાં સંઘના વિસર્જનના નિર્ણય માટે બોલાવેલ સંસદની બેઠકમાં હાજર રહેલાં સભ્યોમાંથી ૩/૪ સભ્યોના બહુમતિ મત સિવાય સંઘના વિસર્જનનો નિર્ણય થઈ શકશે નહિ. આ બેઠકમાં અપાયેલ મતની સંખ્યા કુલ સંખ્યાના ૨/૩ કરતાં ઓછી ન હોવી જોઈએ. સંઘના વિસર્જનનો નિર્ણય થાય તો આ બેઠકના નિર્ણય અનુસાર સંઘના ફંડનો નિકાલ કરવામાં આવશે.

(૧૪) બંધારણમાં ફેરફાર :

(૧) સંઘના બંધારણમાં સુધારા માટે કારોબારી સમિતિ દ્વારા તજજ્ઞોની બંધારણ સમિતિની રચના કરાશે. આ સમિતિ નિયત સમય મર્યાદામાં જરૂરી સુધારા સૂચવશે.

(૨) બંધારણ સમિતિ દ્વારા મળેલ સુધારાને પંદર દિવસ અગાઉ ખબર આપીને બોલાવેલ સંસદની બેઠકની કાર્યસૂચિમાં કરેલ જોગવાઈના આધારે ૨/૩ બહુમતિથી મંજૂર કરવામાં આવશે. સંસદમાં મંજૂરી મળ્યે સુધારાને બહાલ રાખવામાં આવ્યા છે, તેમ ગણાશે.

(૩) બંધારણના સુધારાની નકલ સરકારશ્રી તથા અધિકૃત કચેરીમાં પહોંચાડવામાં આવશે.